## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



રસી લેવાનું સંકટ માંડ પુરુ થયું ત્યાં રશિયા સંકટ આવ્યું...!!

# ભારતીય મઝદૂર સંઘની જાહેર સભામાં હજ્જારો કર્મચારીઓ ઉમટ્યા

## મઝદૂર સંઘના નેજા હેઠળ વિવિધ સંગઠનોના હોદેદારો હાજર રહ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ભારતીય તેમજ આંગણવાડી અને આશાવર્કરો બહેનો સહિત વિવિધ સંગઠનોના હોદેદારો હાજર રહ્યા સવારથી છાવણી ખાતે વિવિધ સંગઠનોના કર્મચારીઓ ભાઈ બહેનો આવી પહોંચ્યા હતા. ત્યારે સમિતિની રચના કરાઈ નથી, આંગણવાડી, આશાવર્કરો અને મધ્યાહનાભોજનાના કરેલા ૧૧ ટકા મોંઘવારીની અસર આપી એરીયર્સ સાથે ચુકવવી, ચાલુ ફરજે અવસાન પામેલા






મજદુર સંઘના નેજા હેઠળ વિવિધ સંગઠનોની જાહેરસભા યોજાઈ હતી. જેમાં કર્મચારી ભાઈ બહેનોની સંખ્યાથી છાવણી ભરાઈ ગઈ હતી. ભારતીય મઝદુર સંઘની સભામાં રાજયભરમાંથી મધ્યાહન ભોજન, એસ.ટી, જીઆઈડીસીના કર્મચારીઓ હતા. પોતાના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા માટે મંચ પરથી આહ્વાન કર્યું હતું.

પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ભારતીય મઝદુર સંઘ દ્વારા રાજયના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ અને માંગણીઓ અંગે જાહેરસભાનું આયોજન કરાયું હતું. જેને પગલે જાહેરસભામાં વિવિધ સંગઠનો એકઠા થઈ સરકાર સામે વિરોધ પ્રદર્શન અને સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે કર્મચારીઓની માંગણીઓને લઈને ભારતીય મઝદુર સંઘ દ્વારા મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવામાં આવશે જેમાં ૨૩ પડતર માંગણીઓ છે. જેમાં વર્ષ ૨૦૧૭ થી બોર્ડ કર્મચારીઓનો પગારમાં વધારો કરવો, બોર્ડ નિગમના સાતમા પગાર પંચના ૧૯ માસનું એરીયર્સ ચુકવવુ, એસટીના કર્મચારીઓને સરકારી કર્મચારી જાહેર કરી તેઓને જુલાઈ ૨૦૧૯ થી આપવામાં આવેલ ડીએ, ૫ ટકા મોંઘવારીના એરયર્સની રકમ અને જુલાઈ૨૦૨૧ થી સરકારે જાહેર કર્મચારીના આશ્રિતોને નોકરી અથવા રૂ.૮ લાખ આપવા, શ્રમ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવી, સહિતની માંગણીઓ અંગે મુખ્યમંત્રી સમક્ષ માંગ કરવામાં આવી છે. જો વિવિધ સંગઠનોની માંગણી સત્વરે ઉકેલ નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરે તો નવાઈ નહી.

## સેકટર-૨૪માંથી લેબર કોન્ટ્રાકટરની રીક્ષા ચોરાઈ

પાટનગરમાં રીક્ષા ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં રીક્ષા ચોરીના બનાવો પણ રોજ બરોજ વધી રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૨૪ આદર્શનગર, પીળા પટ્ટા પાસે ખુલ્લી જગ્યામાંથી સીએનજી રીક્ષાની ચોરી થતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સરખેજ ખાતે રહેતા અસરફઅલી અયુબભાઈ ફુલધારા લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે શ્રમિકોને લાવવા અને લઈ જવા માટે ગત મહિને જ સીએનજી રીક્ષા નં. જી.જે.૦૭.એ.ટી.-૯૮૦૭ ની ખરીદી કરી હતી. ત્યારે ગત તા.૩ ના રોજ સેકટર-૨૫ જીઆઈડીસીમાંથી સેકટર-૨૪ ખાતે રહેતા અને સાથે કામ કરતા વિરેન્દ્ર પારઘીના ઘર પાસે ખુલ્લી જગ્યામાં રાત્રીના એક વાગ્યાના સુમારે રીક્ષા પાર્ક કરી હતી. રીક્ષા મુકી અસરફઅલી બાઈક લઈને ઘરે સરખેજ ગયા હતા. જયારે સવારે સાત વાગે વિરન્દ્રભાઈએ ફોન કરીને જણાવ્યું કે રાત્રે પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા જણાતી નથી. જેથી ફરીયાદી સરખેજ થી સેકટર-૨૪ ખાતે આવીને જોયુ તો રીક્ષા દેખાઈ ન હતી. ત્યારે કામ કરતા અન્ય શ્રમિકો સાથે મળીને રીક્ષાની શોધખોળ કરી હતી.

## ખૂણેખાંચરેથી

- વડાપ્રધાનના સૂચિત પ્રવાસને લઈ ૮૫ જેટલા ભાજપના ધારાસભ્યોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે નમૂના લેવાયા છે. બાકી રહેલા ધારાસભ્યોના આજે નમૂના લેવામાં આવશે.
- વડાપ્રધાનની કોબા સ્થિત કમલમ્‌ની મુલાકાતને લઈ ૧૫૦ થી વધુના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટેના નમુના લેવામાં આવ્યા છે.
- વડાપ્રધાન મોદીની ગુજરાત યાત્રાને લઈ રાજયમાં વહેલી ચૂંટણી આવશે તેવી અટકળો તેજ બની છે.
- ૧૧ અને ૧૨ માર્ચના વડાપ્રધાનના પ્રવાસને લઈ તંત્ર તેની તૈયારીમાં ગળાડૂબ બન્યુ છે અને કાર્યક્રમોને આખરી ઓપ આપવા માટે બેઠકોનો દોર વધી ગયો છે.
- પંચાયત મહાસભામાં જિલ્લાવાર ડ્રેસ કોડ અને અલગ-અલગ બેઠકો ફાળવવામાં આવશે.
- ચૂંટણીના પરિણામો અંગે આજે વિધાનસભાની લોબીમાં પણ સભ્યો ચર્ચા કરતા નજરે પડ્યા હતા.
- પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામોને લઈ જિલ્લામાં શરતો અને તેની બોલીઓનું બજાર ગરમાયું છે.
- વડાપ્રધાનની સૂચિત મુલાકાતને પગલે ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્યો સાથે ચારેય તાલુકાના સંગઠનો સાથે ભાજપે બેઠકો યોજી આયોજનને સફળ બનાવવાના તથા ભવ્યાતિભવ્ય સ્વાગતમાં જોડાવા જણાવાયુ છે.
- ગાંધીનગર જિલ્લાના પાંચ હજારથી વધુ રમતવીરો ખેલ મહાકુંભના ઉદ્‌ઘાટન, સમારોહમાં હાજરી આપશે.

## જન્મદિને વધામણી



**શાંતિલાલ ઘોઘારી**
વેપારી અગ્રણી
(રાજધાની હાર્ડવેર)
સહમંત્રી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ



**જોષી બાલકૃષ્ણ રતિલાલ**
મો. ૭૦૧૬૧ ૬૭૦૯૩



**સાગરદાન ગઢવી**
ઉપપ્રમુખ, સે-૫, વસાહત મંડળ,
ઉપપ્રમુખ, ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર
મો. ૭૦૬૯૭૮૦૩૬૩



**વિશાલ ઠાકોર**
મો. ૯૦૯૯૨ ૧૮૦૭૭

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પ્રજાપતિ સુરજબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૮૫, ઉવારસદ
- સ્વ. ઠક્કર લતાબેન ડી., ઉ.વ. ૬૩, કુડાસણ
- સ્વ. સોની જયોત્સનાબેન કૌશિકભાઈ, ઉ.વ. ૬૨, કુડાસણ

## સાદરા બાંધકામ સાઈટ પરથી પટકાતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

સાદરા ગામે નવા બની રહેલા મકાનની બાંધકામની જગ્યા પરથી પટકાતા ૩૮ વર્ષિય યુવકનું મૃત્યુ નિપજયું છે. બનાવ અંગે ચિલોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાદરા ગામે સુરેશભાઈ શર્માનું નવુ મકાન તૈયાર થઈ રહ્યું છે. ત્યારે થોડા સમય પહેલા મકાનનું ધાબુ ભરવામાં આવ્યું હતું. આજે સવારના ૯ વાગ્યાના અરસામાં ફર્મા ખોલવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે કામ કરી રહેલા ૩૮ વર્ષીય મરતાભાઈ વકતાભાઈ અસારી (રહે ગલંધર રાજસ્થાન) નો પગ લપસી જતા તેઓ નીચે પટકાયા હતા. જેથી નીચે બાંધકામ સાઈટ હોવાથી નીચે ઈંટના રોડા પડી રહ્યા હોવાથી મરતાભાઈને ઈજા પહોંચી હતી. શ્રમિક નીચે પટકાતા અન્ય કારીગરો અને આસપાસમાંથી પણ નાગરીકો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ૧૦૮માં ગાંધીનગર સિવિલ લઈ આવ્યા હતા પરંતુ તે પહેલા શ્રમિકનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતું.જયારે ડોકટરે પણ શ્રમિકને ચકાસીને મરણ જાહેર કર્યો હતો. બનાવની જાણ ચિલોડા પોલીસને કરતા અલ્પેશ ચૌધરી આપી પહોચ્યા હતા અને પરિવારના નિવેદનો લીધા હતા. જયારે પરિવારના સભ્યો મૃતક યુવકનું પીએમ કરાવવાની ના પાડતા પોલીસે પરિવારજનોને મૃતદેહ સોંપી આગળની તપાસ આદરી હતી.

## અડાલજ શ્રીનાથ કોમ્પ્લેક્ષમાંથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૯

અડાલજ બાલાપીર દરગાહ પાસે શ્રીનાથ કોમ્પ્લેક્ષમાં આવેલ મેલડી મેડીકલ સ્ટોરના માલિકના નવા એકટીવાની ચોરી થવા પામી છે. બનાવ અંગે અભય પ્રજાપતિએ રૂ.૪૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ સરસ્વતી સોસાયટી મકાન નં.૪ ખાતે રહેતા અભય ભરતભાઈ પ્રજાપતિ નિરમા યુનિવર્સિટીમાં મીકેનીકલ એન્જીનિયરીંગ સેમેસ્ટર-૨ માં અભ્યાસ કરે છે. અભ્યાસઅર્થે આવવા જવા માટે એકટીવા નં જી.જે.૧૮.ડી.એફ.-૧૧૪૫ ઉપયોગ કરતો હતો. જયારે પિતાજી શ્રીનાથ કોમ્પ્લેક્ષ ખાતે મેડીકલ સ્ટોર ચલાવે છે. ગત તા.૨૮ ફેબુઆરીના રોજ સાંજના ૭.૩૦ વાગ્યાના અરસામાં અભય મેડીકલ સ્ટોર પર ગયો હતો તે સમયે એકટીવા સામે પાર્ક કર્યુ હતું.ત્યારબાદ તેના પિતાજી જમીને આવી ગયા બાદ તે જુનુ એકટીવા લઈ ઘરે ગયો હતો. જયારે રાત્રીના ૯.૩૦ વાગે અભયના પિતાનો ફોન આવ્યો હતો અને કહ્યું કે નવુ એકટીવા લઈને આવ્યો હતો અને આપણા મેડીકલ સ્ટોર આગળ મુક્યું હતું. પરંતુ તે હાલે ખાતુ નથી, જેથી એકટીવાની આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ એકટીવા આજદિન સુધી નહી મળી આવતા અડાલજ પોલીસ મથકે રૂ.૪૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે કાનુની કાર્યવાહી હાથ ધરી છે.



સે-૭/એ, ભારતમાતા મંદિર ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વિશ્વ હિંન્દુ પરિષદ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા વ્યક્તિગત સુરક્ષા અને સલામતી જાગૃતિનાં વિષય પર સેમિનાર યોજાયો હતો. વિશ્વ મહિલા દિવસે પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જય ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટ તથા સ્ત્રી ચેતના ગાંધીનગર અને સ્ત્રી શક્તિની મહિલાઓ, દિકરીઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં સાથે સાથે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશનનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને કોચ મિલન કંસારા વિશેષ ઉપસ્થિત રહી મહિલાઓ, દિકરીઓ અને બહેનોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ઈન્સ્ટ્રક્ટર દિયા ચુડાસમા, માનસી ભાવસાર અને અદિતિ જાનીએ આ સેમિનારમાં સહભાગી થઈ સેમિનારને સફળ બનાવ્યો હતો તથા ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગરે દરેક દરેક કોચશ્રીઓનો, વાલીશ્રીઓનો, સંસ્થાની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હીલવુડસ સ્કૂલના બે વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાની કવીઝ સ્પર્ધામાં કવોલિફાય થયા

## પ્રાંશુ અને રૂદ્રને ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચવા બદલ લેપટોપ આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૯

ગુજરાત જીઈસ કવીઝનું આયોજન ઓનલાઈન માધ્યમથી કરવામાં આવ્યું હતું. જે ગુજરાત સરકાર અને ગુજકોસ્ટ દ્વારા કરાયું હતું. આ કવીઝમાં ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૪૧૦ વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ પસંદગી કરવામાં આવી હતી. આમાંથી ૨૦ વિદ્યાર્થીઓની ગાંધીનગર જિલ્લામાંથી પસંદગી થઈ હતી. જેમાંથી ૭ વિદ્યાર્થીઓ હિલવૂડસ સ્કુલના હતા. ૬ માર્ચે સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ગ્રાન્ડ ફિનાલે માટે આઠ ટીમોને અંતિમ કવિઝ માટે પસંદ કરવામાં આવી હતી. જેમાં એક ટીમ હિલવૂડસ સ્કુલની હતી. જેમાંથી પ્રાંશુ અને રૂદ્ર કવોલિફાય થયા હતા. આ બે વિદ્યાર્થીઓને ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચવા બદલ લેપટોપ આપવામાં આવ્યા હતા તથા હિલવૂડસના બાકીના વિદ્યાર્થીઓને એ૭ સેમસંગ ટેબલેટ પ્રાપ્ત થયા હતા. આ ગૌરવ બદલ હીલડવૂસના સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ કવીઝની તૈયારી વિજ્ઞાન શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપીને કરાવવામાં આવી હતી જયારે આ પ્રોજેકટની શરૂઆત હની રાજેશ દ્વારા કરવામાં આવી હતી.



## સેકટર-૫ માંથી લોખંડના દરવાજાની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

શહેરના સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલા લોખંડના દરવાજા અને એક અતુલ રીક્ષા સાથે એલસીબી-૨ પોલીસે એક શખ્સને પકડી પાડી ચોરીનો ભેદ ઉકેલી દીધો છે. જયારે પોલીસે લોખંડનો દરવાજો અને રીક્ષા મળી રૂ.૧ લાખની વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી-૨ પીઆઈ જે.એચ સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સહિત સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિક્રમસિંહ ધનજીભાઈ બાતમી મળી હતી કે ગત તા.૬ ના રોજ સેકટર-૫ માં એક મકાનના રીનોવેશનનું કામ ચાલી રહ્યું છે તે દરમિયાન મકાનની પાછળના ભાગે થી લોખંડનો બે બારણાવાળો દરવાજો કિં.રૂ.૪ હજાર ની ચોરી કરી સેકટર-૫ થી એક અતુલ ટેમ્પો ચાલક તેમજ તેના એક સાગરીતે ભેગા મળી અતુલ ટેમ્પામાં દરવાજો મુકી ચોરી કરી ભાગી ગયા હતા. જે પૈકી એલસીબી-૨ એ નવઘણ ભરવાડ (રહે ધોળાકુવા) ને અતુલ રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય.-૩૧૨૨ અને રૂ.૪ હજારનો લોખંડનો દરવાજા સાથે પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.જયારે ધોળાકુવાના મુકેશ ડામોરને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.





## જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ સબડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે કુડાસણની સીમનાં ખાતા નં.૧૨૩૩ના બ્લોક - સર્વે નં.૨૮ પૈકી ૧ની હે.આરે.ચો.મી.૦.૯૯.૮૫ની જમીન ૧. દિગ્વીજયસિંહ ઘનશ્યામસિંહ ગોહીલ, ૨. મધુબેન અનિલભાઈ પટેલ, ૩. બીનાબા ઉર્ફે બીનાબેન શંકરસિંહ રાણા વિગેરેનાઓએ તેનાં અગાઉના માલિકો પાસેથી કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણથી રાખેલ હોવાનું જણાવી અમો પાસે સદરહુ જમીનના પાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો પોશાતો હોય અગર વાંધો, વિરોધ હોય તો દિન-૭માં નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જેમાં કસુર થયેથી સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, સંબંધ, ચાર્જ કે બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે, તેમ સમજીને સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

SD/-
**S. M. VHORA**
**ADVOCATE**
Resident : Firdosh/68, Teacher's Society,
Vejalpur, AHMEDABAD. **M. 99253 57869**


## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા.૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અંતરીયાળ વિસ્તારમાં સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં શામળાજી વિસ્તારના અઢેરા, ગોઢ, હિમ્મતપુર, રૂદ્રેશ્વર, ભેટાલી ચાર રસ્તા પાસે કુલ ૧૧૮ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અમૃતભાઈ પ્રજાપતિ, યોગેશ તથા ભીમજીભાઈ ગામેતીએ સાથે રહી સેવાકાર્ય કર્યું હતું.


## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલી. ૦૭૯-૨૩૨-૩૨૧૫૨ ફેક્સ ૦૭૯-૩૨૨૨૭૮૪ www.gpcb.gujarat.gov.in

### જાહેર સુચના

ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીના જાહેરનામા ક્રમાંક : એસ.ઓ. ૧૫૩૩ (ઈ) તા. ૧૪-૯-૨૦૦૬ અન્વયે જણાવવાનું કે, મેસર્સ સેલિકો એગ્રો ઓર્ગેનીક્સ પ્રા. લી. દ્વારા સર્વે નં. ૧૬૦૧, ૧૫૯૪, દાદરડાથી જેઠાજીના મુવાડા રોડ, ગામ. અંત્રોલીવાસ ડોલજી, તા. તલોદ, જીલ્લો : સાબરકાંઠા ખાતે કેસ્ટરના પ્રોડક્ટસનું પ્રસ્તાવિત ઉત્પાદન - (કુલ ક્ષમતા - ૩૨૦૦ મેટ્રીક ટન / માસ) માટેની પરિયોજના પ્રોજેક્ટ કેટેગરી 'એ' અંતર્ગત તેઓની અરજી અન્વયે પર્યાવરણીય લોકસુનાવણી આયોજીત કરવામાં આવે છે.

લોકસુનાવણીની પ્રક્રિયાના ભાગરૂપે લાગતાવળગતા સ્થાનિક અસરગ્રસ્ત લોકોનું ધ્યાન દોરીને સદર લોકસુનાવણી દરમિયાન હાજર રહેવા અથવા તેઓની ટીકા-ટિપ્પણી લેખિતમાં પર્યાવરણીય સુનાવણીની તારીખ પહેલા સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલવા વિનંતી છે.

રસ ધરાવતી અન્ય વ્યક્તિઓને પણ તેઓની ટીકા-ટિપ્પણી પર્યાવરણીય સુનાવણીની તારીખ પહેલા લેખિતમાં સભ્ય સચિવશ્રી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપવા વિનંતી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રોજેક્ટના ઈઆઈએ (એન્વયારમેન્ટ ઈમ્પેક્ટ એસ્સેસમેન્ટ) અહેવાલના મુસદ્દાની પ્રત તથા એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસ્સેસમેન્ટનો સંક્ષિપ્ત અહેવાલની પ્રત નીચે દર્શાવેલ ઓથોરિટી / કાર્યલયો ખાતે કામકાજના દિવસો દરમિયાન લોકસુવાનણીના દિન સુધી નિહાળી શકાશે.

**૧. જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી, સાબરકાંઠા.**
**૨. જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, સાબરકાંઠા.**
**૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સાબરકાંઠા.**
**૪. તાલુકા વિકાસ અધિકારીની કચેરી, તા. તલોદ, જી. સાબરકાંઠા**
**૫. પ્રાદેશિક અધિકારીશ્રી, ઈન્ટીગ્રેટેડ પ્રોદેશિક કચેરી, પર્યાવરણ વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલય, રૂમ નં. ૪૦૭, અરણ્ય ભવન, ચ-૩ સર્કલ નજીક, સેક્ટર-૧૦એ, ગાંધીનગર. ગુજરાત-૩૮૨૦૧૦**
**૬. પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, હિંમતનગર, આદર્શ બંગલો, ઘર નં. ૩૩/૩૪, મોતીપુરા, પોલીટેકનીક રોડ, હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.**

જિલ્લા કલેક્ટર / જિલ્લા મેજીસ્ટ્રેટ / ડેપ્યુટી કમિશનર અથવા તેઓના / તેણીના પ્રતિનિધિ કે જેઓનો હોદ્દો અધિક જિલ્લા મેજિસ્ટ્રેટની નીચેની કક્ષાનો ન હોય, તેવી વ્યક્તિ સદર લોકસુનાવણીની કામગીરીનું દેખરેખ અને સંચાલન કરશે.

લોકસુનાવણી તા. ૧૨/૪/૨૦૨૨ના રોજ ૧૨:૦૦ કલાકે, સ્થળ : સર્વે નં. ૧૬૦૧, ૧૫૯૪, ગામ. અંત્રોલીવાસ ડોલજી, તા. તલોદ, જીલ્લો : સાબરકાંઠા ખાતે આયોજીત કરવામાં આવે છે.

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને ધ્યાને રાખી સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ માર્ગદર્શિકાનું પાલન કરવા લાગતા વળગતા સૌને જણાવાવમાં આવે છે.

**સ્થળ : ગાંધીનગર** — **એ. વી. શાહ**
**તારીખ : ૫/૩/૨૦૨૨** — **સભ્ય સચિવ**